# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩




### આણંદ જિલ્લા પુરવઠા અધિકારીએ એજન્સીઓ સાથે તાત્કાલિક બેઠક યોજી

# આણંદમાં ગેસ સિલિન્ડરના કાળાબજાર ન કરવા તાકીદ

**હોસ્પિટલો અને** શાળાઓને ગેસ સપ્લાયમાં પ્રાથમિકતા આપવા આદેશ

**સંગ્રહખોરી કરનાર** સામે કડક ફોજદારી કાર્યવાહીની ચીમકી

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદ જિલ્લામાં એલપીજી ગેસનો પુરવઠો નિયમિત રીતે જળવાઈ રહે અને ગ્રાહકોને કોઈ હાલાકી ન પડે તે હેતુથી જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારીએ ગેસ એજન્સીના સંચાલકો, તાલુકા મામલતદારો અને ઓઈલ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

આણંદ જિલ્લા પુરવઠા અધિકારીએ બેઠકમાં સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી છે કે, જો કોઈ પણ ગેસ એજન્સી કે વ્યક્તિ ગેસ સિલિન્ડરનો બિનજરૂરી સંગ્રહ અથવા કાળાબજારી કરતા ઝડપાશે, તો તેમની સામે 'આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ' અને 'પી.બી.એમ. એક્ટ' હેઠળ કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. પુરવઠાનું વ્યવસ્થાપન યોગ્ય રીતે થાય તે માટે સેલ્સ ઓફિસરોને ઓઈલ માર્કેટિંગ કંપનીઓના બોટલીંગ પ્લાન્ટ સાથે સતત સંપર્કમાં રહેવા જણાવાયું છે. આ સમીક્ષા બેઠકમાં જિલ્લાના તમામ તાલુકા મામલતદારો, આઈઓસીના ડિસ્ટ્રિક્ટ નોડલ ઓફિસર અને એચ.પી.સી.એલ. (HPCL) ના સેલ્સ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા.

પુરવઠા અધિકારીએ જનતાને વિનંતી કરી છે કે તેઓ કોઈ પણ પ્રકારની અફવા કે ચિંતામાં આવ્યા વગર ગેસનો બિનજરૂરી સંગ્રહ ન કરે. જો કોઈ પણ વિક્રેતા નિયત ભાવ કરતા વધુ કિંમત વસૂલે અથવા કાળાબજારી કરતો માલૂમ પડે, તો તેની ફરિયાદ તુરંત ઓએમસી હેલ્પલાઈન અથવા કલેક્ટર કચેરીએ કરવા અપીલ કરવામાં આવી છે.

### હોસ્પિટલ-શાળાઓને પ્રાથમિકતા

વહીવટી તંત્ર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે અન્ય કોઈ સૂચના ન મળે ત્યાં સુધી કોમર્શિયલ સિલિન્ડરના વિતરણમાં હોસ્પિટલો અને શાળાઓને પ્રથમ પ્રાથમિકતા આપવી. આ ઉપરાંત, આણંદ જિલ્લાના જે રહેણાંક વિસ્તારોમાં પી.એન.જી. (PNG) કનેક્શન કાર્યરત છે, તેવા ગ્રાહકોને હાલની પરિસ્થિતિમાં એલ.પી.જી. બોટલ ન આપવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

### ગુજરાતમાં LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

મધ્ય પૂર્વમાં તણાવ છતાં રાજ્યમાં ઘરેલું વપરાશ માટે LPG અને PNGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. અનાવશ્યક સંગ્રહ રોકવા હવે બે સિલિન્ડરના બુકિંગ વચ્ચે 25 દિવસનો અંતર રાખવાનો નિર્ણય લેવાયો છે. હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓને પુરવઠો મળશે, પરંતુ અન્ય કોમર્શિયલ વેચાણ પર હાલ નિયંત્રણ છે. ગેસની કાળાબજારી કે નિર્ધારિત ભાવથી વધુ કિંમત વસૂલનાર સામે કડક ફોજદારી પગલાં લેવામાં આવશે.

### આણંદ જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા આકસ્મિક તપાસનો દોર શરૂ

આણંદ જિલ્લાના એલપીજી ગેસ ધારકોને સમયસર અને પૂરતા પ્રમાણમાં રાંધણ ગેસ મળી રહે તે માટે જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી દ્વારા વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગેસ સિલિન્ડરના વિતરણમાં પારદર્શિતા જળવાય અને ગેરરીતિ અટકે તે માટે વહીવટી તંત્ર દ્વારા તપાસ સમિતિઓની રચના કરવામાં આવી છે. જિલ્લા પુરવઠા અધિકારીની ટીમ અને તાલુકા મથકોએ મામલતદાર (પુરવઠા)ની ટીમો બનાવીને સમગ્ર જિલ્લામાં આકસ્મિક તપાસણી શરૂ કરી દેવામાં આવી છે. આ ટીમોનો મુખ્ય ઉદ્દેશ્ય ગેસ સિલિન્ડરની કાળાબજારી તથા સંગ્રહખોરી રોકવાનો છે. જિલ્લા પુરવઠા અધિકારીએ ખાતરી આપી છે કે જિલ્લાના તમામ ગેસ ધારકોને સમયસર રાંધણ ગેસ મળી રહેશે. જો કોઈ એજન્સી દ્વારા ગેસ આપવામાં વિલંબ કરવામાં આવે અથવા કાળાબજારી કે સંગ્રહખોરી જેવી પ્રવૃત્તિ ધ્યાનમાં આવે, તો નાગરિકોએ તુરંત જિલ્લા પુરવઠા અધિકારીની કચેરી અથવા સ્થાનિક મામલતદાર કચેરીનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. તંત્રની આ કડક કાર્યવાહીથી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

---

### કરમસદ - આણંદ મહાનગરપાલિકાની બાકિદારો સામે લાલ આંખ

# આણંદમાં બાકી વેરો ન ભરતી 14 દુકાનોને મનપાએ સીલ કરી

**એક જ દિવસમાં રૂ.** 8.41 લાખથી વધુના વેરાની વસૂલાત

(પ્રતિનિધિ) આણંદ તા.12

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા બાકી મિલકત વેરો વસૂલવા માટે હાથ ધરવામાં આવેલી વિશેષ ઝુંબેશ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં 14 જેટલી દુકાનો સીલ કરવામાં આવી છે. મનપા કમિશનરની સૂચના મુજબ, 31 માર્ચની સમયમર્યાદા પહેલા બાકી વેરો વસૂલવા ટેક્સ વિભાગની રિકવરી ટીમે કડક કાર્યવાહી હાથ ધરી છે, જેના ભાગરૂપે એક જ દિવસમાં રૂ. 8.41 લાખથી વધુની વસૂલાત કરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાના ટેક્સ વિભાગ દ્વારા મળેલી માહિતી મુજબ, મહેન્દ્ર શાહ હોસ્પિટલ પાસે આવેલા સ્વરૂપ કોમ્પ્લેક્સ, નયા પડકારના ખાંચામાં અને ટૂંકી ગલી પાસે આવેલા મનીષ માર્કેટમાં આ કામગીરી કરવામાં આવી હતી. આ વિસ્તારોની કુલ 14 દુકાનોના માલિકોએ રૂ. 2,35,988 નો બાકી વેરો ભરપાઈ કર્યો ન હોવાથી તે મિલકતોને તાત્કાલિક અસરથી સીલ કરી દેવામાં આવી છે.

વધુમાં, મહાનગરપાલિકાની ટીમે આજે એક જ દિવસમાં અન્ય મિલકત ધારકો પાસેથી કુલ રૂ. 8,41,763 ના બાકી વેરાની રોકડ વસૂલાત પણ કરી છે. આ અંગે ટેક્સ વિભાગના ઇન્સ્પેક્ટરે જણાવ્યું છે કે તમામ નગરજનો, દુકાનદારો અને બિલ્ડીંગ માલિકોએ બાકી વેરો 31 માર્ચ પહેલા ભરી દેવો જોઈએ.

# ટ્રેક્ટર પાછળ બાઈક ઘૂસી જતાં યુવકનું કરુણ મોત

**બીમાર ભાણેજોને** સારવાર માટે લઈ જતી વખતે સર્જાયો કાળમુખો અકસ્માત

(પ્રતિનિધિ) આણંદ તા.12

ખંભાતના લુણેજ અને દહેડા વચ્ચે પુરપાટ ઝડપે જતી બાઈક રસ્તા પર ઉભેલી ટ્રેક્ટર ટ્રોલીમાં પાછળથી ધડાકાભેર ઘૂસી જતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ગંભીર ઈજાઓ થવાને કારણે બાઈક ચાલક યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે બાઈક પર સવાર તેની બહેન અને બે બાળકોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયા છે.

ખંભાત રોહિણી ચોકડી પેટ્રોલ પંપ પર મજૂરી કામ કરતા અબિદભાઈ વિનુભાઈ માવી પોતાની બહેન અને બીમાર ભાણેજોને સારવાર અપાવવા માટે શેઠનું મોટર સાયકલ લઈને નીકળ્યા હતા. 11મી માર્ચ,2026ના રોજ લુણેજથી દહેડા વચ્ચેના માર્ગ પર પસાર થતી વેળાએ, અબિદભાઈએ ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક રોડની ડાબી સાઈડે ઉભેલી એક ટ્રેક્ટર ટ્રોલીમાં ઘૂસી ગઈ હતી.

આ કાળમુખા અકસ્માતમાં અબિદભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું. બાઈક પાછળ બેઠેલા મહિલા અને બે બાળકોને સામાન્ય ઈજાઓ થતા તેઓને વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા છે. આ ઘટના અંગે મૃતકના બનેવી અમરભાઈ ભુરીયાએ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં અકસ્માત માટે જવાબદાર મૃતક અબિદભાઈ સામે જ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ઉમરેઠના દિવંગત ધારાસભ્યને મુખ્યમંત્રીએ શ્રદ્ધાંજલિ અર્પી

આણંદના ચિખોદરામાં ઉમરેઠના ધારાસભ્ય સ્વર્ગસ્થ ગોવિંદભાઈ પરમારની પ્રાર્થનાસભામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉપસ્થિત રહી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતાં. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સ્વર્ગસ્થના શોકસંતૃપ્ત પરિજનો સાથે મુલાકાત કરી તેમને વ્યક્તિગત રીતે સાંત્વના પાઠવી હતી. ગોવિંદભાઈ 1975થી જાહેરજીવનમાં સક્રિય હતા અને તેમણે રાજ્ય સરકારમાં કૃષિ મંત્રી તરીકે પણ પાયાની સેવાઓ આપી હતી. આ પ્રાર્થનાસભામાં રાજ્યના મંત્રીઓ, રાજકીય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી દિવંગત નેતાને શ્રદ્ધાંજલિ આપી હતી.

---

# દીકરાની લ્હાયમાં કોન્સ્ટેબલે પત્નીને અસહ્ય ત્રાસ આપ્યો

**અન્ય સ્ત્રી સાથે** આડા સંબંધોની પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો

(પ્રતિનિધિ) કડાણા તા.12

લુણાવાડાના કડાણા ડાબા કાંઠા નહેર વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર કચેરીમાં નોકરી કરતા 40 વર્ષીય સુમિતાબેન ડામોરે તેમના પોલીસકર્મી પતિ અશ્વિનભાઈ ભગુભાઈ ડામોર વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. પતિ અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ ધરાવતો હોવા સાથે દીકરાની માગણી કરી પત્નીને બીજી પત્ની લાવવાની ધમકી આપતો હોવાનો ગંભીર આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

કડાણાના સુમિતાબેન ડામોરની ફરિયાદ મુજબ, જામનગર પોલીસ હેડ કવાર્ટર ખાતે અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ ભગુભાઈ ડામોરને લગ્નના થોડા વર્ષો બાદ અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાની પત્નીને જાણ થઈ હતી. દંપતીને ત્રણ દીકરીઓ હોવા છતાં, પતિ દીકરાની માંગણી સાથે અવારનવાર ઝઘડો કરી ઘરખર્ચ આપવાનું પણ બંધ કરી દીધું હતું.

પોલીસ વિભાગમાં નોકરી કરતા હોવાના રોફમાં પતિ પત્નીને "તું મારા વિરુદ્ધ ગમે તેટલી ફરિયાદ કરે, મને કોઈ ફરક પડશે નહીં" તેમ કહી છૂટાછેડા આપવા ધમકાવતા હતા. અગાઉ મહિલા પોલીસ સ્ટેશનમાં કાઉન્સેલિંગ કરવા છતાં પતિના વર્તનમાં કોઈ સુધારો ન આવતા, અંતે પીડિત પરણિતાએ મહિસાગર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

### ઉમરેઠના ઓડ બજારમાં આવેલા મંદિરમાં દિવસ દરમિયાન તસ્કરોએ તક ઝડપી

# ઉમરેઠના હનુમાન મંદિરમાંથી ₹58 હજારની મતા ચોરાતા ભક્તોમાં રોષ

**તસ્કરો માતાજીનું** મ્હોરું અને હનુમાનજીની ગદા લઈ પલાયન

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.12

ઉમરેઠના ઓડ બજાર વિસ્તારમાં આવેલ એક હનુમાન મંદિરમાંથી અજાણ્યા તસ્કરોએ ધોળા દિવસે રૂ. 58,300ની કિંમતનું ચાંદીનું મ્હોરું અને ગદા ચોરી કરી હોવાની ઘટના સામે આવી છે. મંદિર આખો દિવસ દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેતું હોવાનો ગેરલાભ ઉઠાવી ચોર શખ્સો આ ચોરીને અંજામ આપી રફુચક્કર થઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઉમરેઠના ઓડ બજારમાં કરિયાણાની દુકાન ધરાવતા રાકેશભાઈ ઈન્દ્રવદન શાહ પોતાની દુકાન પાસે આવેલ હનુમાન મંદિરની સેવા-પૂજા સંભાળે છે. આ મંદિરમાં ઉપરના ભાગે આવેલા ગોખલામાં હરસિદ્ધિ માતાજીનું ચાંદીનું મુખારવિંદ (મ્હોરું) અને હનુમાનજીની ચાંદીની ગદા સ્થાપિત કરવામાં આવી હતી. ગત 9મી માર્ચ,2026ના રોજ સવારે નવ વાગ્યે રાકેશભાઈએ આરતી અને પૂજા કર્યા બાદ મંદિરનો દરવાજો આડો કરી તેઓ પોતાની દુકાનના કામે લાગ્યા હતા. જોકે, સાંજે સાત વાગ્યે જ્યારે તેઓ ફરીથી આરતી કરવા માટે મંદિરમાં પ્રવેશ્યા, ત્યારે ગોખલામાંથી માતાજીનું મ્હોરું અને હનુમાનજીની ગદા ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. આસપાસ તપાસ કરવા છતાં કોઈ પતો ન લાગતા અંતે રૂ. 58,300ની મત્તાની ચોરી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ બનાવ અંગે રાકેશભાઈ શાહે ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પવિત્ર યાત્રાધામ ગણાતા ઉમરેઠમાં મંદિરમાં થયેલી આ ચોરીને પગલે સ્થાનિકોમાં રોષની સાથે મંદિરોની સુરક્ષા અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે. પોલીસે હાલ ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# નડિયાદ પાસે પશુઓ પ્રત્યે ક્રૂરતા આચરતી ટ્રક ઝબ્બે

**પોલીસે 11 લાખથી** વધુનો મુદ્દામાલ જપ્ત કરી પૂછપરછ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ-ડાકોર રોડ એક્સપ્રેસ હાઈવે પર તંબુ ચોકી પાસે પોલીસે સતર્કતા દાખવી પશુઓ પ્રત્યે અત્યંત ક્રૂરતા આચરતી એક ટ્રકને ઝડપી પાડી 152 અબોલ પશુઓને મુક્ત કરાવ્યાં હતાં.

બનાસકાંઠાના ડીસા ખાતે રહેતા અને સબંધ વિકાસ ફાઉન્ડેશનમાં સેવા આપતા દિનેશભાઈ ઉમાજી ગેલોત ગત 11મી માર્ચના રોજ નડિયાદથી સુરત જઈ રહ્યા હતા ત્યારે તેમને ટ્રક (GJ-31-T-3165) શંકાસ્પદ જણાઈ હતી. આ ટ્રકમાં પશુઓને નિર્દયતાપૂર્વક ભર્યા હોવાનું જણાતા તેમણે તુરંત કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી, જેના આધારે હાઈવે પીસીઆર વાન અને નડિયાદ ટાઉન પોલીસના કાફલાએ નાકાબંધી કરી ટ્રકને ઝડપી પાડી હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ટ્રકની પાછળના ભાગમાં લાકડાનું પાટિયું મારી બે પડ બનાવવામાં આવ્યાં હતાં. જેમાં 150 બકરા-બકરી અને 2 ઘેટા મળી કુલ 152 પશુઓને એવી રીતે ઠાંસીને ભર્યા હતા કે તેઓ હલનચલન પણ કરી શકતા ન હતા. આ મામલે રાજસ્થાનના રાધેશ્યામ માગીલાલ ભાટ, વિનોદ મેવાલાલ ખટીક અને કિશન જગદીશજી ભસઈની ધરપકડ કરી છે. જ્યારે પોલીસે 6.08 લાખની કિંમતના પશુઓ અને 5 લાખની ટ્રક મળી કુલ 11.08 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પેટલાદના શિલ્પી શેઠ નારણદાસ કેશવલાલ પરીખની પ્રતિમાનું લોકાર્પણ

**ધારાસભ્ય અને જિલ્લા** ભાજપ પ્રમુખ સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ

(પ્રતિનિધિ) પેટલાદ તા.12

ઐતિહાસિક પેટલાદ નગરનો ઈતિહાસ 1570 વર્ષનો ભવ્ય છે. આ નગરના લોકોએ મોગલ, મરાઠા અને અંગ્રેજોનું શાસન જોયું છે. ભારતના અનેક રાજાઓએ આ નગરની મુલાકાત લીધી હોવાનું જગજાહેર છે. આવા આ નગરની છેલ્લા દોઢ શતકની વાત કરીએ તો શેઠ પરિવારનું યોગદાન દરેક ક્ષેત્રે ખૂબ જ મહત્વનું છે. રોજગાર, શિક્ષણ, આરોગ્ય ક્ષેત્રે શેઠ પરિવારે હંમેશા ચિંતા કરી હતી.

પેટલાદના લોકોને તમામ સુવિધાઓ મળતી રહે તે હેતુથી શેઠ પરિવારે રોજગારી ક્ષેત્રે સુતરાઉ કાપડની મિલો, હાથશાળના કારખાનાં, કાપડનો રંગાટી ઉદ્યોગ વગેરે ઉભા કર્યા હતા. જ્યારે લોકોની સુખાકારી માટે આયુર્વેદિક સહિતના દવાખાના શરૂ કર્યા હતા. શિક્ષણ માટે તો શેઠ પરિવાર દ્વારા કોલેજ, શાળાઓ, લાઈબ્રેરી વગેરેનો લાભ આજેપણ પ્રજાને મળી રહ્યો છે. પેટલાદની પ્રજા માટે દરેક ક્ષેત્રે જે પરિવારે અદ્ભૂત સેવાઓ આપી છે તેઓની યાદગીરીને હંમેશા તાજી રાખવા પેટલાદ નગર પાલિકા દ્વારા શેઠ નારણદાસ કેશવલાલ પરીખની પ્રતિમાનું લોકાર્પણ ગતરોજ એનકે હાઈસ્કુલ પાસે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પેટલાદના ધારાસભ્ય કમલેશ પટેલ, આણંદ જીલ્લા ભાજપ પ્રમુખ સંજય પટેલ, શેઠ પરીવારના વડીલ વ્રજેશભાઈ પરીખ, પાલિકા પ્રમુખ જીગ્નેશ જોષી, ઉપપ્રમુખ મનીષા ચૌહાણ, કારોબારી સમિતિ અધ્યક્ષ જય પટેલ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ, મહામંત્રી મનીષ ઠાકોર, મનીષ શાહ સહિત પાલિકાના કાઉન્સિલર કાજલબેન, ભૌમીબેન, ધરતીબેન, ગીતાબેન પટેલ, ચીફ ઓફિસર કૃણાલભાઈ પટેલ, ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારો, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

તસવીરઃ વિનાયક આણંદજીવાલા


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225